(ગ) જાહેરાતમાં શારીરિક અશકતતા ધરાવતા અરજદારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશકતતા ધરાવતા અરજદારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છુટછાટ મળશે.

(ઘ) શારીરિક અશકતતા ધરાવતાં અરજદારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૧૨/૦૮ના પરિપત્ર ક્રમાંક:૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ / સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચુક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં. અને શારીરિક અશકતતા અરજદાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહિં.

## ૧૦. મહિલા અરજદાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા અરજદાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (Category) પુરુષ અરજદારોને ફાળવી શકાશે.

| |
|---|
| જે અરજદારોનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશકતતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

## ૧૧. વિધવા અરજદાર :-

(૧) અરજદાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતુ નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા અરજદારે જો પુન: લગ્ન કરેલ ન હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચુક લખવું. અન્યથા "લાગુ પડતુ નથી" એમ દર્શાવવુ.

(૩) વિધવા અરજદારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા અરજદાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવીટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા અરજદારને સરકારની પ્રવર્તમાન જોગવાઇ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં તેના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

## ૧૨. ના વાંધા પ્રમાણપત્ર :-

કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર , ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને અરજી કર્યાની જાણ ૧ માસની અંદર સબંધિત કચેરીને કરવાની રહેશે. પ્રમાણપત્રોની ખરાઇ માટેની રૂબરૂ મુલાકાત સમયે અરજદારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

## ૧૩. ગેરલાયક અરજદાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વાર અરજદાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો અરજદારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા અરજદારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪. ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :-

અરજદારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશન / કંપનીઓમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

## ૧૫. અગત્યની જોગવાઇઓ :-

(૧) તમામ સંવર્ગ માટે શૈક્ષણિક લાયકાતમાં અગ્રિમતા માટે વિશેષ લાયકાત (એક કે એકથી વધુ) જે અરજદાર ધરાવતા હશે તેઓને તેઓ દ્વારા લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણમાં વધુમાં વધુ ૫ ટકા વધારાના ગુણ નિગમ દ્વારા નિયુક્ત કરેલ સમિતિ દ્વારા આપવામાં આવશે. આ હેતુ માટે જાહેરાતમાં દર્શાવેલ વિશિષ્ટ લાયકાતના પ્રમાણપત્રો સરકાર માન્ય સંસ્થાના જ હોવા જરૂરી છે, અને તેવા પ્રમાણપત્રો જ માન્ય ગણવામાં આવશે. એ માટે નિગમ દ્વારા નિયુક્ત થયેલ સમિતિનો નિર્ણય આખરી ગણાશે જે અરજદારને બંધનકર્તા રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ(૨)માં તેમજ તે પછી પ્રસિધ્ધ થયેલ ઠરાવોમાં નિર્દિષ્ટ નિયમો અનુસાર વિધવા મહિલા અરજદારો માટે પસંદગીમાં અગ્રિમતા આપવા માટે તેઓ દ્વારા મેળવેલ કુલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.

**૧૬. પસંદગી પ્રક્રિયા :-**

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર અરજદારે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા પ્રક્રિયામાંથી પસાર થવાનુ રહેશે. પસંદગી માટે વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ માટે ઓરલ મુલાકાત રાખવામાં આવનાર નથી. જયારે વર્ગ-૧ તથા વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ માટે રૂબરૂ મુલાકાત (ઓરલ ઇન્ટરવ્યુ) રાખવામાં આવનાર છે. જેની જાણ લેખિતમાં કરવામાં આવશે.

## (અ) લેખિત કસોટી માટે નીચે પ્રમાણે અભ્યાસક્રમ રહેશે.

### (૧) વર્ગ-૩ ની કલેરીકલ સંવર્ગની જગ્યાઓ માટે

(૧) સિનિયર કલાર્ક, વર્ગ-૩ - ૨ જગ્યા

(૨) સ્ટેનોગ્રેડ-૩, વર્ગ-૩ - ૧ જગ્યા

(૩) જુનિયર કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર, વર્ગ-૩ - ૧૭ જગ્યા

લેખિત પરીક્ષા, જેમાં નીચે પ્રમાણે હેતુલક્ષી ( Multipule Choise Questions) કૂલ પ્રશ્નો ૧૦૦, કૂલ ગુણ ૧૦૦, સમય ૧ કલાક ૨૦ મીનીટ ગુજરાતીમાં પ્રશ્નપત્ર તૈયાર કરી પરીક્ષા રાખવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | તાજેતરના મહત્વના રાષ્ટ્રિય, આંતરાષ્ટ્રિય બનાવો | (૨) | ભારતની તથા વિશ્વની ભુગોળ |
| (૩) | ભારતની રાજનીતિ | (૪) | ભારતની અર્થવ્યવસ્થા |
| (૫) | ભારતનું બંધારણ | (૬) | ગુજરાતની ભૌગોલિક તથા કુદરતી સંપતિ |
| (૭) | ગુજરાતની ખેતી અને ઉદ્યોગો | (૮) | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા, ધર્મ |
| (૯) | ગુજરાતી વ્યાકરણ | (૧૦) | અંગ્રેજી વ્યાકરણ |
| (૧૧) | સામાન્ય વિજ્ઞાન | (૧૨) | ભારતનો ઇતિહાસ |
| (૧૩) | ગણિતશાસ્ત્ર | (૧૪) | સંખ્યાત્મક કસોટી |
| (૧૫) | તાર્કીક કસોટી (Reasoning Test) | (૧૬) | સામાન્ય બૌદ્ધિક કસોટી (General mental ability Test) |
| (૧૭) | ખેલ જગત | | |

### (૨) ટેકનિકલ સંવર્ગની જગ્યાઓ માટે

(૧) મદદનીશ નિયામક(જ.સં), વર્ગ-૨ - ૩ જગ્યા

(૨) જમીન સંરક્ષણ અધિકારી, વર્ગ-૨ - ૨ જગ્યા

(૩) ફિલ્ડ સુપરવાઇઝર(જ.સં), વર્ગ-૩ - ૭ જગ્યા

(૪) ફિલ્ડ આસીસ્ટન્ટ(જ.સં), વર્ગ-૩ - ૩૭ જગ્યાઓ માટે

## લેખિત કસોટી માટે નીચે પ્રમાણે અભ્યાસક્રમ રહેશે.

**ભાગ-૧:-** જેમાં નીચે પ્રમાણે હેતુલક્ષી ( Multipule Choise Questions) કુલ ૩૦ પ્રશ્નો, કુલ ગુણ ૩૦, ગુજરાતીમાં પરીક્ષા આપવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | તાજેતરના મહત્વના રાષ્ટ્રિય, આંતરાષ્ટ્રિય બનાવો | (૨) | ભારતની તથા વિશ્વની ભુગોળ |
| (૩) | ભારતની રાજનીતિ | (૪) | ભારતની અર્થવ્યવસ્થા |
| (૫) | ભારતનું બંધારણ | (૬) | ગુજરાતની ભૌગોલિક તથા કુદરતી સંપતિ |
| (૭) | ગુજરાતની ખેતી અને ઉદ્યોગો | (૮) | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા, ધર્મ |
| (૯) | ગુજરાતી વ્યાકરણ | (૧૦) | અંગ્રેજી વ્યાકરણ |
| (૧૧) | સામાન્ય વિજ્ઞાન | (૧૨) | ભારતનો ઇતિહાસ |
| (૧૩) | ગણિતશાસ્ત્ર | (૧૪) | સંખ્યાત્મક કસોટી |
| (૧૫) | તાર્કીક કસોટી (Reasoning Test) | (૧૬) | સામાન્ય બૌદ્ધિક કસોટી (General mental ability Test) |
| (૧૭) | ખેલ જગત | | |

**ભાગ-૨:-** જેમાં શૈક્ષણિક લાયકાત સંબધિત વિષયોને લગતા નીચે પ્રમાણેના અભ્યાસ ક્રમમાંથી કુલ ૭૦ પ્રશ્નો, કુલ માર્ક ૭૦ રહેશે.

1. importance and Contribution of agriculture in State and National Level economy.
2. Characteristics of different Agro-climatic Zonesof the State and their cropping Systems.
3. Characteristics of monsoon in different prarts of the State Effect of environment on crop production Alternative cropping Systems, in irregular monsoon.
4. Classification of Soil of Gujarat their Physical, biological chemical properties Measures for improving and maintenance of their fertility and productivity. Soil conservation programme.
5. Organic Farming uses of organic manure and bio-fertilizer in crop production importance of organic elements to maintain physical properties of soil, different methods of adding organic elements.
6. Essential element for the plant growth, their function and role. Nutrient movement in plant, integrated nutrient management.
7. Benefit fo crop rotation, intensive cropping, multiple cropping, inter and mix cropping, system. Improve package of practices of main crops in irrigated and non-irrigated conditions.
8. improved variety of cereals, legumes cotton, oilseeds vegetable and fruit crops and cash crops cultivated in the state.
9. Concept of minimum and zero tillage.
10. irrigation projects, its classification, irrigation system and water requirement of main crops. Scope and role of drip and sprinkler irrigation in the agriculture.
11. Project and policies of the State government for development of Agriculture and related filed. Different project, Scheme plans for development of Agriculture sector.
12. Use of information technology in the field of Agriculture extensions for Spreding Agriculture technology.
13. Advantage and limitations of training and visit system Mass Communication, group Contact, Symposium, Workshop, Seminar & conference.
14. Agriculture research center in the State and their role and improved Agriculture practices.

15. Pollution and its impact on environment.
16. Natural resources, their Conservations, social issues and the environment, environment protection act.
17. Principles, of Agriculture economics and its utility in Agriculture. Production function, laws of returns. Risk and Uncertainty in Agriculture., Crop insurance, assessment of crop losses, crop insurance advantages and limitations in application, insurance and Credit Guarantee Corporation of india.
18. Land Resources potential and land management Land use policy issues in India.
19. Philosophy and concept of Watershed
20. PRA in Watershed Management
21. Rainfall and Runoff
22. Soil Erosion, erosion control measures on Agriculture land and Non Agriculture Land
23. Ground Water Management in Watershed, common properties resource management.
24. I.T. for land resources development and management.
25. Farm machinery and implements, Repairs and maintenance.
26. Earthmoving machinery and its utility.

ભાગ-૧ અને ભાગ-૨ માટેનો સમય ૧ કલાક ૨૦ મીનીટ રહેશે. કેડર વાઇઝ કક્ષાને અનુરૂપ અલગ અલગ ગુજરાતીમાં પ્રશ્નપત્ર તૈયાર કરી પરીક્ષા રાખવામાં આવશે.

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગ સામે દર્શાવેલ જગ્યાઓ માટે જે અરજદારોએ અલગ અલગ અરજીઓ કરેલ હશે તેઓએ લેખિત પરીક્ષાનો સમય અને તારીખ એક જ હોય તો કોઇ એક જગ્યા માટે પરીક્ષા આપી શકશે. જગ્યાની પસંદગી તેઓએ કરવાની રહેશે.

## (૩) કંપની સેક્રેટરી તથા હિસાબી સંવર્ગની જગ્યાઓ માટે

૧. કંપની સેક્રેટરી, વર્ગ-૧:- ૧ જગ્યા

૨. નાણાં અને હિસાબી અધિકારી, વર્ગ-૨:- ૧ જગ્યા

લેખિત કસોટી માટે નીચે પ્રમાણે અભ્યાસક્રમ રહેશે.

**ભાગ-૧:-** જેમાં નીચે પ્રમાણે હેતુલક્ષી ( Multipule Choise Questions) કૂલ પ્રશ્નો ૩૦, કૂલ ગુણ ૩૦, ગુજરાતીમાં પરીક્ષા આપવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | તાજેતરના મહત્વના રાષ્ટ્રિય, આંતરાષ્ટ્રિય બનાવો | (૨) | ભારતની તથા વિશ્વની ભુગોળ |
| (૩) | ભારતની રાજનીતિ | (૪) | ભારતની અર્થવ્યવસ્થા |
| (૫) | ભારતનું બંધારણ | (૬) | ગુજરાતની ભૌગોલિક તથા કુદરતી સંપતિ |
| (૭) | ગુજરાતની ખેતી અને ઉદ્યોગો | (૮) | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા, ધર્મ |
| (૯) | ગુજરાતી વ્યાકરણ | (૧૦) | અંગ્રેજી વ્યાકરણ |
| (૧૧) | સામાન્ય વિજ્ઞાન | (૧૨) | ભારતનો ઇતિહાસ |
| (૧૩) | ગણિતશાસ્ત્ર | (૧૪) | સંખ્યાત્મક કસોટી |
| (૧૫) | તાર્કીક કસોટી (Reasoning Test) | (૧૬) | સામાન્ય બૌદ્ધિક કસોટી (General mental ability Test) |
| (૧૭) | ખેલ જગત | | |

## <u>કંપની સેક્રેટરી વર્ગ-૧:-</u>

**ભાગ-૨:-** જેમાં શૈક્ષણિક લાયકાત સંબધિત વિષયોને લગતા નીચે પ્રમાણેના અભ્યાસ ક્રમમાંથી કુલ ૭૦ પ્રશ્નો, કુલ માર્ક ૭૦ રહેશે.

1. Company Law
2. Cost and Management Accounting
3. Economic and Commercial Laws
4. Tax Laws and Practice
5. Company accounts and Auditing Practices
6. Capital Markets and Securities Laws
7. Industrial, Labour and General Laws
8. Advanced Company Law and Practice
9. Secretarial Audit, Compliance Management and Due Diligence
10. Corporate Restructuring, Valuation and Insolvency
11. Information Technology and Systems Audit
12. Financial, Treasury and Forex Management
13. Ethics, Governance and Sustainability
14. Advanced Tax Laws and Practice
15. Drafting, Appearances and Pleadings
16. Electives 1 out of below 5 subjects
17. Banking Law and Practice
18. Capital, Commidity and Money Market
19. Insurance Law and Practice
20. Intellectual Property Rights – Law and Practice
21. International Business – Law and Practices
22. GST

ભાગ-૧ અને ભાગ-૨ માટેનો સમય ૧ કલાક ૨૦ મીનીટ રહેશે. કેડર વાઇઝ કક્ષાને અનુરૂપ ગુજરાતીમાં પ્રશ્નપત્ર તૈયાર કરી પરીક્ષા રાખવામાં આવશે.

## <u>નાણાં અને હિસાબી અધિકારી વર્ગ-૨:-</u>

**ભાગ-૨:-** જેમાં શૈક્ષણિક લાયકાત સંબધિત વિષયોને લગતા નીચે પ્રમાણેના અભ્યાસ ક્રમમાંથી કુલ ૭૦ પ્રશ્નો, કુલ માર્ક ૭૦ રહેશે.

1. Economics of government Finance.
2. Indian Financial System.
3. Fundamental Statistics.
4. Corporate Accounting.
5. Legal Aspect of Banking.
6. Banking Regulations.
7. Advance Business Management.
8. Advance Financial Management.
9. Business Law.
10. Core Elective Computer Application.
11. Costs and Financial Accounting.
12. Advance Accounting and Auditing.
13. International Business.
14. Fundamental Financial Management.

15. International Finance.
16. Management of Financial Services.
17. Corporate tax Planing.
18. Risk Management.
19. Strategic Financial Management.
20. Investment Management.
21. Accountancy and Finance.
22. Corporate & Other Laws
    Company Law
    Other Law
23. Cost & Management Accounts
24. Taxation
    Income Tax
    Indirect Taxes
25. Auditing & Assurance
26. Enterprise information systems & Strategic management
27. Financial management & Economics for finance
28. Advance Auditiong & Professional Ethics.
29. Corporate & Economic Laws.
30. Strategic Cost Management & Performance Evaluation.
31. Financial Services & Capital Markets.
32. International Taxation.
33. Economic Laws.
34. Global Financial Reporting Standards.
35. Direct Tax Laws & Informational Taxation.
36. GST.

ભાગ-૧ અને ભાગ-૨ માટેનો સમય ૧ કલાક ૨૦ મીનીટ રહેશે. કેડર વાઇઝ કક્ષાને અનુરૂપ ગુજરાતીમાં પ્રશ્નપત્ર તૈયાર કરી પરીક્ષા રાખવામાં આવશે.

**(બ) રૂબરૂ મુલાકાતઃ-** (વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ માટે)

નીચે દર્શાવ્યા મુજબની વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ માટે રૂબરૂ મુલાકાત (ઓરલ ઇન્ટરવ્યુ) રાખવામાં આવશે. જેની જાણ લેખિતમાં કરવામાં આવશે. રૂબરૂ મુલાકાત (ઓરલ ઇન્ટરવ્યુ) ના ૧૦૦ ગુણ રહેશે.

(૧) કંપની સેક્રેટરી સંવર્ગ વર્ગઃ-૧:- ૧ જગ્યા

(૨) નાણાં અને હિસાબી અધિકારી સંવર્ગ વર્ગઃ-૨:- ૧ જગ્યા

(૩) મદદનીશ નિયામક (જ.સં.) સંવર્ગ વર્ગઃ-૨:- ૩ જગ્યા

(૪) જમીન સંરક્ષણ અધિકારી સંવર્ગ વર્ગઃ-૨:- ૨ જગ્યા

## જગ્યાની પસંદગીઃ-

(અ) વર્ગ-૧ તથા વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ માટેઃ-

જગ્યાની પસંદગી માટે લેખિત પરીક્ષામાંથી મેળવેલ ગુણના ૪૫% પ્રમાણે ગુણ + બેઝીક શૈક્ષણિક લાયકાત અને અનુભવ, વધારાની શૈક્ષણિક લાયકાત અને અનુભવ તથા જમીન સંરક્ષણની તાલીમ અન્વયે મેળવેલ ગુણના ૪૫% પ્રમાણે ગુણ + વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ માટે રૂબરૂ મુલાકાત (ઓરલ ઇન્ટરવ્યુ) માંથી મેળવેલ ગુણના ૧૦%

પ્રમાણે ગુણ તથા વિધવા અરજદાર હોય તો વિધવા અરજદારે કુલ મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરીને વધુમાં વધુ ૧૦૦ માર્કસ મુજબ અરજદારોની પ્રોવીઝનલ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે પૈકી ત્રણ ગણા અરજદારો લાયક અરજદાર તરીકે રહેશે અને તેટલા અરજદારોના પ્રમાણપત્રોની ચકાસણી કરી પસંદગી યાદી બનાવવામાં આવશે.

(બ) વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ માટે:-

જગ્યાની પસંદગી માટે લેખિત પરીક્ષામાંથી મેળવેલ ગુણના ૫૦% પ્રમાણે ગુણ + બેઝીક શૈક્ષણિક લાયકાત અને અનુભવ, વધારાની શૈક્ષણિક લાયકાત અને અનુભવ તથા જમીન સંરક્ષણની તાલીમ અન્વયે મેળવેલ ગુણના ૫૦% પ્રમાણે ગુણ તથા વિધવા અરજદાર હોય તો વિધવા અરજદારે કુલ મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરીને વધુમાં વધુ ૧૦૦ માર્કસ મુજબ અરજદારોની પ્રોવીઝનલ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે પૈકી ત્રણ ગણા અરજદારો લાયક અરજદાર તરીકે રહેશે અને તેટલા અરજદારોના પ્રમાણપત્રોની ચકાસણી કરી પસંદગી યાદી બનાવવામાં આવશે.

## ૧૭. માત્ર પ્રમાણપત્રોની ખરાઇ માટેની રૂબરૂ મુલાકાત :-

(૧) પ્રમાણપત્રોની ચકાસણી માટે રૂબરૂ મુલાકાત નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે રાખવામાં આવશે. અરજદારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતના દિવસે અરજદારોને આપવામાં આવેલ મુલાકાત પત્રમાં દર્શાવેલ ચેકલીસ્ટ પ્રમાણે અસલ પ્રમાણપત્રો સાથે જાતે પ્રમાણિત કરેલ નકલો રજુ કરવાની રહેશે. જો અરજદાર તેના અસલ પ્રમાણપત્રો રજુ નહિ કરે તો તેઓ પસંદગી માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

## ૧૮. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપુર્ણ નથી.)

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.

(૩) અરજીમાં અરજદાર સહી તથા પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેકસથી અથવા ઇ-મેઇલથી મોકલાવેલ હોય.

(૫) અરજી સાથે પુરેપુરી ફી ભરેલ ન હોય.

(૬) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગ તથા શારીરિક અશકતતા ધરાવતા અરજદારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૭) માજી સૈનિક અરજદારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૮) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના અરજદારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૯) અરજદારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ / શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) અરજદારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

## ૧૯. નિમણુંક:-

(૧) ઉપરની જાહેરાત સંબધમાં નિમણૂક માટે પસંદ થયેલા અરજદારને નિગમ દ્વારા જાણ કરવામાં આવશે.

(૨) પસંદ થયેલ અરજદારને નિગમ ધ્વારા નિમણુંક માટે જાણ કરવામાં ન આવે ત્યાં સુધીમાં નિમણુંક અંગેનો કોઇપણ પત્રવ્યવહાર નિગમ ધ્યાને લેશે નહીં.

(૩) અરજદારે તેની બેઝીક શૈક્ષણિક લાયકાત તથા અનુભવ , વધારાની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ, ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્ર કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની અરજદારી રદ થશે તેમજ નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા અરજદાર સામે ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી કરવામાં આવશે. જેથી અરજદારે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબ જ ચોક્કસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ નિગમમાં રજુ કરવા.

(૪) ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લી. ,ની વડી કચેરી હાલ ગાંધીનગર ખાતે છે. આ ઉપરાંત નિગમની પેટા કચેરીઓ ગુજરાતના અલગ અલગ જિલ્લા / તાલુકા વગેરે વિસ્તારોમાં પણ આવેલી છે જેથી પસંદગી પાત્ર અરજદાર નિગમની કોઇપણ કચેરી ખાતે નિમણુંક / બદલીને પાત્ર રહેશે.

## ૨૦. ગેરવર્તણુંક અંગે દોષિત ઠરેલા અરજદારો વિરુધ્ધ પગલાં :-

અરજદારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહીં. ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં. જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ અરજદાર નીચે જણાવેલ બાબતો માટે કોઇપણ રીતે દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની અરજદારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા.

(૨) નામ બદલીને પરીક્ષા આપવી.

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય.

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય.

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય.

(૬) તેઓની અરજદારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય.

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનો જેવા કે મોબાઇલ, કેલ્યુલેટર કે અન્ય ઇલેક્ટ્રોનીક ડીવાઇઝ સાથે લાવવા બાબત.

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય.

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણુંક આચરવી, જેવી કે અન્ય અરજદારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇ પણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય અરજદારોને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે,

(૧૦) લેખિત કસોટી માટે નિગમ / સંસ્થા દ્વારા નિરીક્ષણ માટે નિયુક્ત થયેલા કર્મચારીને પજવણી કરવી, કોઇ પણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી વગેરે કૃત્ય કરવા કે કરાવવા કે સીધી અથવા આડકતરી રીતે નિગમ પર દબાણ લાવવુ વગેરે બાબતો માટે અરજદાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) ઉપર દર્શાવેલ ૧ થી ૧૦ મુદા માટે કસુરવાર જણાવેલ અરજદારને નિગમ ગેરલાયક ઠેરવશે.

(ખ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરુધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

## **૨૧. ઓનલાઇન અરજી કરવાની તથા ફી ભરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ દ્વારા ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવશે, અરજદારે તા.૧૫-૦૧-૨૦૧૮,સમય:-૧૧.૦૦.૦૦ કલાક થી તા.૧૦-૦૨-૨૦૧૮ , સમય:-૧૮.૦૦.૦૦ કલાક સુધીમાં http://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. અરજદારે અરજી કરવા માટે નીચે મુજબના સુચનાઓ (૧ થી ૧૬) અનુસરવાની રહેશે. **Confirmation number** મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું.

(૨) Apply On Line Click કરવું.

આ પ્રમાણે Click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ અરજદારે કરવો, અને ત્યારબાદ Apply Now બટન કિલક કરવું.

(૩) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Click Application Format માં સૌ પ્રથમ "Personal Details" અરજદારે ભરવી. (અહી લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જયાં Mobile Number અને email ID માંગ્યા છે. તેની વિગત લખવી જેથી જરૂર જણાયે નિગમ અરજદારને માહિતગાર કરી શકે.

(૪) Personal Details ભરાયા બાદ બેઝીક Educational Details ભરવા માટે Educational Details ઉપર Click કરવું અને પોતાની બેઝીક શૈક્ષણિક લાયકાત વિગતો ભરવી.

(૫) અરજદારે Additional Qualification ઉપર Click કરી Additional Qualification ની વિગતો ભરવી.

(૬) Experience Details પર Click કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માંગતા હોવ તો Add. More Exp. પર Click કરી Details ભરવી.

(૭) Others Details પર Click કરવુ અને તેમાં વધારાની વિગત ભરવી.

(૮) તેની નીચે "Self declaration"માં Yes/No પર Click કરવું.

(૯) હવે save ઉપર Click કરવાથી તમારો Data Save થશે. અહીં અરજદારનો Application Number Generate થશે. જે અરજદારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં નિગમ સાથેના કોઇપણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૦) અરજદારે અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઈને કરી શકાશે. આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત Confirm થઈ ગયા પછી/ બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહિં.

(૧૧) અરજદારે પેજના ઉપરના ભાગમાં upload photo પર Click કરી તેનો Application Number type કરી અને તેની Birth Date Type કરવી. ત્યારબાદ OK પર Click કરવું. અહીં Photo અને Signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સેમી ઉંચાઇ અન ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી) (photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Format (10 KB) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ) "Browse" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલ .jpg Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button પર Click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload" Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે, હવે આજ રીતે Signature પણ Upload કરવાની રહેશે.

(૧૨) અરજદારે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરવું. અને "Application Number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી ત્રણ (૩) બટન Ok ૨: "Application Preview" Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પછી કોઇપણ પ્રકારનો સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું. Confirm Application પર Click કરવાથી અરજદારની અરજીનો નિગમમાં Online સ્વીકાર થઈ જશે. અહીં "Confirmation Number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, અરજદારે સાચવવાનો રહેશે. Confirmation Number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. **Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચુક કાઢી રાખવી.**

(૧૩) સામાન્ય કેટેગરીના અરજદારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટર સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફિસમાં રૂ.૧૦૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ તેમજ મુળ ગુજરાતના અનામત કક્ષાના અરજદારોએ પોસ્ટ ઓફિસમાં રૂ.૫૦/- પરીક્ષા ફી રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે. તા.૧૩-૦૨-૨૦૧૮ સમય:-૧૮.૦૦.૦૦ કલાક (પોસ્ટ ઓફિસના કામકાજના સમય) સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. **આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક અરજદારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જયારે નિગમ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા નિગમની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.**

(૧૪) દરેક જાહેરાત માટે અરજદારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવસાત, જો કોઇ અરજદારે એકથી વધુ અરજી કરેલ હશે. તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહિં. જો અરજદારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા અરજદારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો અરજદારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**(૧૫) અરજી ફી** :-

(૧) સામાન્ય કેટેગરીના અરજદારે પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે, અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) મુળ ગુજરાતના અનામત કક્ષાના અરજદારોએ પોસ્ટ ઓફીસમાં રૂ.૫૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા અરજદારને કોઇપણ સંજોગોમાં પ્રાથમિક કસોટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ફકત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડર તેમજ અન્ય સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિં, જેની અરજદારોએ ખાસ નોંધ લેવી.

(૧૬) અરજદારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ અરજદાર, આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી. તેમ માલુમ પડશે તો તેમની અરજદારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૧૭) અરજીપત્રક સાથે માંગવામા આવે ત્યારે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી (આ યાદી ફકત અરજદારોને મદદ રૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઇ તથા પરીક્ષા નિયમોની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૦૧ | એક જાહેરાત માટે એક અરજી કરવી. |
| ૦૨ | એસ.એસ.સી. બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય /શાળા છોડ્યાના S.L.C પ્રમાણપત્ર માન્ય ગણાશે. |
| 03 | અરજદારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ. (ગેઝેટની નકલ) |
| ૦૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ. |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/ ૧૪૯૪/૯૫૯/અ, તા.૬/૨/૧૯૯૬, સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ-૧૧૦૯-૧૬૬૩-અ/ તા.૨૭/૪/૨૦૧૦ તથા સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તા.૨૬/૪/૧૬ ની જોગવાઇઓ મુજબ તથા સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ-૧૧૦૯-૧૬૬૩-અ/ તા.૨૭/૪/૨૦૧૦ માં નિયત થયેલ પરિશિષ્ટ-(૪) (ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. આવુ પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષ સુધીનું રહેશે અને તેમાં જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનો સમાવેશ થયેલ હોવો જોઇએ. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A માન્ય નથી. |
| ૦૬ | શારીરિક વિકલાંગતા ધરાવતા અરજદાર માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ તબીબી પ્રમાણપત્રની નકલ (સા.વ.વિ.ના તા.૧/૧૨/૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |
| ૦૭ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક / અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષ ગુણપત્રક/ પદવી પ્રમાણપત્રની નકલ |
| ૦૮ | સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ (જેમાં સંસ્થાના લેટરપેડમાં (૧) ધારણ કરેલ જગ્યા (૨) અનુભવનો સમયગાળો (૩) અનુભવનો પ્રકાર (૪) પગારની વિગતો વગેરે વિગતોનો ઉલ્લેખ થયેલ હોવો જોઇએ. |
| ૦૯ | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ "ના-વાંધા" પ્રમાણપત્રની નકલ અચુક રજુ કરવાની રહેશે., અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહીં. (સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૧૯૮૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |
| ૧૦ | વિધવા અરજદારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવુ સોગંદનામું |

આ તબક્કે અરજદારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વગેરે અંગે પુરતી કાળજી અરજદારો દ્વારા લેવામાં આવતી હોતી નથી. અરજદારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કેટલાક પ્રમાણપત્રો બિડવાના રહી જતા હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સુચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ નિગમે તેઓની અરજી ધ્યાને લેવાની રહેશે નહિ. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, નિગમમાં રજુ કરતાં પહેલાં આ અંગે પુરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.

સહી/-

વહીવટી સંચાલક

ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લી.,

**સત્યમેવ જયતે**

ફોટો

**ગુજરાત રાજ્ય**

**પરિશિષ્ટ-૪**

**પ્રમાણપત્ર ક્રમાંક :** __________

ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના અરજદારોનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી ______________________ શ્રી ______________________ ના પુત્ર / પુત્રી , ગામ / નગર ______________________ તાલુકો ____________ જિલ્લો ______________ ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક:બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ, તેમજ ત્યારબાદના વખતોવખત બહાર પાડવામાં આવેલ અદ્યતન સુધારા ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ પૈકી ____________ જાતિના છે.

શ્રી ______________________ અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના ______________________ જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તેઓ/ તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ નંબર:સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ સાથેના પરિશિષ્ટ થી તેમજ વખતો વખત થયેલ સ્વીકૃત સુધારાથી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો ( Creamy layer)ની વ્યક્તિ/જુથમાં સમાવેશ થતો નથી.

**તારીખ :-** 

**(સીલ)**

**સક્ષમ અધિકારીની સહી /-**

**નામ :-**

**હોદ્દો :-**

**રજુ કરેલ આધારો:-**

૧.

૨.

૩.

## ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો

ક્રમાંક: ......................................................................................... તા. .........................

સા.વ.વિ.ના તા.૮/૧૧/૮૯ના પરિપત્ર ક્રમાંક:એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ........................................................... આ ખાતામાં તા. ........................... થી સતત જગ્યા પર કામ કરે છે.

૨. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જયારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી / કાયમી રીતે કરવામાં આવી છે.

૩. જગ્યાનું નામ : .......................................................... (વર્ગ- ................ જે જગ્યા માટે શ્રી / શ્રીમતિ .......................................................... એ અરજી કરી છે તે ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લી. દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

(                              )

હોદ્દો

ખાતાના વડા

સ્થળ :-

તારીખ:-

પ્રતિ,

શ્રી ...............................

......................................

......................................